SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 23. ઉત્તર ગુજરાતના ભીલ આદિવાસીઓના મરણોત્તર વિધિ-વિધાનો

*ડૉ. નમ્રતા કાંતિલાલ મકવાણા*

આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતા ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લી એમ પાંચ જિલ્લાઓ પ્રવર્તમાન છે. **જેને લોકપરંપરાગત બોલીમાં જતવાડ, વાગડ, વઢિયારી, મેવાસી, રાધનપુરી, ધાંધાર, પાટણવાડો, ડીસાવળ, નળકાંઠો, થરાદરી જેવા ભિન્ન ભિન્ન નામથી આ વિસ્તાર ઓળખાય છે.**આ દરેક વિસ્તારોમાં ભિન્ન ભિન્ન જાતિના લોકો વસે છે. એમની પોતાની-પોતીકી ભાતીગળ લોકબોલી છે. આ લોકબોલીમાંથી જ એમની સંસ્કૃતિનો પરિચય થાય છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની આસપાસ ડુંગરી ભીલ પ્રજા વસે છે. આ પ્રજા પાસે પોતાનું કહી શકાય એવું આગવું સાહિત્ય છે. એમની આગવી લોકસંસ્કૃતિ અને લોકપરંપરા છે. એમના પોતીકા લોક-રિવાજો અને વિધિ-વિધાનો છે. ભગવાનદાસ પટેલે ડુંગરી ભીલ જ્ઞાતિની કંઠસ્થ પરંપરાને ઉજાગર કરતાં ચાલીસેક પુસ્તકો આપ્યાં છે. તેમાં ડુંગરીભીલ જ્ઞાતિની ભાતીગળ લોકસંસ્કૃતિ તાદશ થાય છે. એમાંથી આદિવાસીઓના રીત-રીવાજો, વિધિ-વિધાનો, ધાર્મિક અનુષ્ઠાનો, સામાજિક ક્રિયાકાંડો વગેરેનો પણ સરસ પરિચય મળી રહે છે. પ્રસ્તુત વિષયાનુસંધાને ડુંગરીભીલ જ્ઞાતિમાં મરણોત્તર પ્રસંગે થતા સામાજિક રીત-રિવાજો, વિધિ-વિધાનોની ચર્ચા કરવાનો મારો ઉપક્રમ છે.

સનાતન ધર્મમાં જન્મથી મૃત્યુ સુધીના સોળ સંસ્કારમાનો આ સંસ્કાર છે. તેમાં માણસ જયારે મૃત્યુ પામે ત્યારે અંતિમ વિધિ અનુસાર તેના અગ્નિસંસ્કાર તથા અસ્થિવિસર્જન કરવામાં આવે છે. રમણિક જાની સાહેબ ગુજરાતી વિશ્વકોશ- 'અંત્યેષ્ટિ' માં જણાવે છે તે મુજબ, "મરણોત્તર ક્રિયા પ્રારબ્ધ પ્રાપ્ત શરીરના નવ (કઠોપનિષદ મુજબ અગિયાર) દ્વારમાંથી કોઈ પણ એક માર્ગે પ્રાણ સૂક્ષ્મ શરીર સાથે બહાર નીકળી જાય છે ત્યારે સ્થૂળ શરીર મૃત કહેવાય છે. શરીર નશ્વર હોવાથી અસ્તિત્વ, જન્મ, વૃદ્ધિ, પરિણામ,ક્ષય અને છેલ્લે નાશ પામે છે. જુદા જુદા ધર્મ અને સમપ્રદાય આ ઘટનાને અલગ-અલગ રીતે ઓળખાવે છે.સ્વર્ગવાસ થયો, શ્રીજીશરણ થયા,ગોલોકવાસ થયા(હિંદુ-વૈષ્ણવો),દિવંગત થયા, અક્ષરધામ ગયા (સ્વામિનારાયણ), જન્નતનશીન થયા(મુસ્લિમ),ખુદાને પ્યારા થયા (પારસી), અને સામાન્ય રીતે અવસાન થયું કે મૃત્યુ પામ્યા એમ આ ઘટનાને વિવિધ રીતે ઓળખાવવામાં આવે છે".પૃથ્વી પર અગણિત જીવ જે તે યોનિ ધારણ કરતાં હોય છે, તેમાં એક છે માનવજાતિ. પરંતુ જયારે તે આ પૃથ્વી પરથી વિદાય લે છે ત્યારે પોતાના સ્વજન માટે તેને ગુમાવ્યાનો દુ:ખદાયક પ્રસંગ બની રહે છે. જે તે જ્ઞાતિ કે સમાજમાં મરણોત્તર પ્રસંગે સામાજિક વિધિ-વિધાનો કરવામાં આવે છે. જેવા કે, મૃત્યુ સમયે મરશિયા ગાવા, શબને દાટવામાં આવે તો ક્યારેક અગ્નિસંસ્કાર કરવામાં આવે, પ્રાચીન સમયમાં તો શબને ઘરમાં જ રાખવામા આવતું, રોવા –કૂટવાની પ્રથા, કોગળો કરવો, વાર રાખવા, બેસણું કરવું, બારમું કરવું જેવા સામાજિક રિવાજો જે તે સમાજમાં જુદી જુદી રીતે થતાં જોવા મળે છે. એ જ રીતે સાબરકાંઠાના ખેડબ્રહ્મા આસપાસના વિસ્તારમાં વસતા ડુંગરી ભીલ આદિવાસી સમાજમાં પણ મૃત્યુ પ્રસંગે કેટલાક સામાજિક વિધિ વિધાનો થતા જોવા મળે છે. પરંતુ મુખ્ય ધારાના સમાજમાં થતા અને આદિવાસીઓમાં થતા આ વિધિ-વિધાનોમાં મહદઅંશે ભિન્નતા જોવા મળે છે. એટલે કે, આદિવાસીઓમાં થતા આ વિધિ-વિધાનો વિશિષ્ટ પ્રકારના છે. જેનો અહીં વિગતે પરિચય કરાવવામાં આવ્યો છે.

આદિવાસી સમાજ એ પ્રકૃતિનો પૂજક છે. કુદરતના સાનિધ્યમાં જ તેમનો ઉછેર થયો છે. દરેક સમાજની જેમ ડુંગરીભીલ સમાજમાં મૃત્યુ સમયે ભિન્ન ભિન્ન પ્રકારના વિધિ–વિધાનો થતાં હોય છે. જો કોઇ વિશિષ્ટ વ્યકિત કે સામાન્ય વ્યકિત મૃત્યુ પામે ત્યારે સામાજીક રીત-રિવાજને અનુરૂપ વિધિ-વિધાનો કરવામાં આવે છે જે નીચે પ્રમાણે છે :

(૧) સામાન્ય વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે થતાં વિધાનો.

(૨) ભીલ સમાજમાં કોઇ અગ્રગણ્ય અને ખાસ વ્યકિતના મૃત્યુ પછી કરવામાં આવતી 'હમાધ' વિધિ.

(૩) વેર વાળતી વખતે થતી 'હૂરો'ની વિધિ.

**(૧) સામાન્ય વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે થતાં વિધિ-વિધાનો :**

ભીલ જ્ઞાતિમાં જો કોઇ સામાન્ય વ્યકિતનું મૃત્યુ થાય તો તેને ખાટલા પરથી નીચે સુવડાવવામાં આવે છે. તેની આસપાસ મૃતકના સગા-સ્નેહીઓ, સ્વજનો મૃતકને યાદ કરી પોક મૂકી મોટે-મોટેથી રડે છે. એમાંય વળી જો મરનાર વ્યકિત સ્ત્રી હોય તો ભીલ સમાજમાં મોટી આફત ઉભી થાય છે, કારણ કે, ભીલ સમાજમાં સ્ત્રીના મૃત્યુ અંગે સાસરી પક્ષવાળા પર શંકા સેવાય છે અને કેટલીકવાર પિયર પક્ષવાળાં 'ચરેતરૂ' કરવા દોડી આવે છે. બન્ને પક્ષ વચ્ચે ક્યારેક મારા-મારી કે મોટો ઝગડો પણ થઇ જાય છે. એ પછી એનું સમાધાન કરી, પૈસાની લેવડ-દેવડ કરી આ બાબતને રફે-દફે કરી દેવામાં આવે તો જ એના અંતિમ સંસ્કાર કરવામાં આવે .

(૨) ભીલ સમાજમાં કોઇ અગ્રગણ્ય અને ખાસ વ્યકિતના મૃત્યુ પછી કરવામાં આવતી 'હમાધ' વિધિ :

બીજા પ્રકારની મરણોત્તર વિધિમાં ગામનો મુખી, ગામનો આગેવાન, કુટુંબના મોભી કે વડીલ વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે તેની હમાધ કરવામાં આવે છે. 'હમાધ' એટલે સમાધિ. અહીં સામાન્ય વ્યકિતના મૃત્યુ કરતાં ભિન્ન પ્રકારની વિધિ કરવામાં આવે છે. ડુંગરી ભીલ સમાજમાં ગામનો મુખી કે ગામની અગ્રગણ્ય વ્યકિત મૃત્યુ પામે તો તેના સ્મૃતિચિહન રૂપે હમાધ બનાવવામાં આવે છે. હમાધ કરવાના પણ ભીલ સમાજમાં ચોક્કસ વિધિ-વિધાનો છે. જેમ કે, જેની હમાધ કરવાની હોય તેના શબને સામાન્ય રીતે દાટવામાં આવે છે. એ પહેલાં ગામનો ભોપો ધરતી માતા પાસે શબને દાટવાની જમીન માંગે છે. એ જમીનમાં મોટો ખાડો ખોદવામાં આવે છે. મૃતક વ્યકિતને ચાર બાજુથી પકડીને ખાડાની ગોળાકાર ફરતે ચાર ફેરા કરાવી પાંચમાં ફેરે જમીનમાં દાટવામાં આવે છે. મૃતકના મોઢામાં એક પૈસો મૂકી, તેની ગમતી વસ્તુઓ મૂકવામાં આવે છે. જેથી મૃતક વ્યકિતનો જીવ કોઇપણ ચીજવસ્તુમાં ભરાઇ ન રહે અને તેનો આત્મા આમતેમ ભટકે નહીં. શબને દાટતાં પૂર્વે તેના નભ ઉતારી લેવામાં આવે છે અને ખાડો ખોદી પૂરી દેવામાં આવે છે. જે તે વ્યકિતની આર્થિક સ્થિતિ પ્રમાણે તેની 'સમાધિ', 'દેરી' કે 'સતલ્લી' બનાવવામાં આવે છે. શબના ઉતારેલા નભને ચિત્ર-વિચિત્રના મેળા વખતે કે ત્રિવેણી સંગમ થાય ત્યારે નદીમાં પધરાવવામાં આવે છે. તેને 'ફૂલ નાખવા' એમ કહેવામાં આવે છે.

ભીલોમાં સમાધિ કર્યા પછી હમાધ પઢવાની વિધિ કરવામાં આવે છે. એટલે કે, મૃતક વ્યકિતની મોક્ષપ્રાપ્તિ અર્થે થતી પૂજા વિધિ અથવા મૃતક વ્યકિતને અપાતી શ્રદ્ધાજલિ. હમાધ પઢવા માટે ચોકકસ વારની પસંદગી કર્યા બાદ તેનું બેસણું કરવામાં આવે છે. એ દિવસે ગામ-પરગામ રહેતી બેન-દીકરીઓને બોલાવવામાં આવે છે. તેઓ મૃતકને યાદ કરીને રડે છે, કોગળા લે છે અને આખી રાત બેસીને ઓસદેવના ભજનો ગાય છે. ત્યારબાદ હમાધના સ્થળે બધા એકત્રિત થાય છે અને ભોપા દ્વારા હમાધની સામગ્રી એકત્રિત કરી તેની વિધિ કરી હમાધ પઢવામાં આવે છે. જેથી મૃતક વ્યકિતને મોક્ષ પ્રાપ્તિ અને સ્વર્ગ પ્રાપ્તિ થાય.

(૩) વેર વાળતી વખતે થતી હૂરોની વિધિ :

ડુંગરી ભીલ સમાજમાં હમાધ પઢવાની વિધિ ઉપરાંત હૂરો માંડવાની વિધિ કરવામાં આવે છે. હૂરો માંડવો એટલે વેર લેવું. વેર લેવાની પ્રથા તે વર્ષો જૂની પ્રથા છે. પ્રાચીન સમયમાં પણ વેરભાવના પ્રવર્તતી હતી. રામાયણ, મહાભારત, શ્રીમદભાગવત વગેરે ગ્રંથોને જોતાં તેમાં પણ વેરવૃત્તિનું આલેખન થયેલું છે. આવી વેરવૃત્તિને કારણે કેવો નરસંહાર, માનવસંહાર થાય છે તેનો આપણને અનુભવ છે. આદિવાસીઓમાં પણ વેર લેવાની આ પ્રથા તે પુરાણકાલીન સમયથી ચાલી આવી છે, જે પૂર્વજોને આધીન છે. જેને ભીલો પોતાની પરંપરા માનીને આજ દીન સુધી અનુસરતા આવ્યા છે. ડૉ.ભગવાનદાસ પટેલ પાસેથી હૂરોની પરંપરાની વિગત મળી રહે છે. તેમણે જાતે જોયેલી અને સાંભળેલી એવી સત્ય હકીકત પર આધારિત એવી માહિતી પોતાના પુસ્તકમાં ઉતારી છે. જેની અહીં ચર્ચા કરવામાં આવી છે. રાજસ્થાનના આદિવાસીઓમાં પણ વેર લેવાની વૃત્તિ પ્રસિદ્ધ છે અને એની કથાઓ પણ મળે છે. ભગવાનદાસ દ્વારા પ્રચલિત અને રાજસ્થાની સંસ્કૃતિ દ્વારા પ્રચલિત આ સામગ્રીનું વિવેચન કરવામાં આવે તો અનેક નવી સામગ્રી મળી શકે તેમ છે. જે ભવિષ્યના અભ્યાસુને, ભાષાશાસ્ત્રીઓને અને નૃવંશશાસ્ત્રીઓને ખપમાં લાગે તેવી છે.

ડૉ. ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત વિગત મુજબ ભીલોમાં જયાં સુધી મૃતક સ્વજનનું વેર લેવામાં ન આવે ત્યાં સુધી તેમના મનને શાંતિ મળતી નથી. આદિવાસીઓમાં વેર લેવાની પ્રથા પ્રાચીનકાળથી ચાલી આવે છે. એ વિશે આદિવાસીઓમાં એક પ્રાચીન કહેવત પણ છે, 'પીલાનું વેર એતોઇને ન ખાય', (ભીલોનું વેર ઉધઇ પણ ન ખાય) એ ઉકિત જ વેર લેવાની પ્રથા કેટલી કઠોર અને કપરી હશે તે સાર્થક કરે છે.

ડુંગરી ભીલોમાં વેર લેવાની પ્રથાને આદર અને સન્માનથી જોવામાં આવે છે. ભીલોમાં મૃતક સ્વજનનું વેર લેવું, બદલો વાળવો એ પ્રથા, રિવાજ છે. કે પૂર્વજો સાથે સંકળાયેલી પરંપરા છે. ભીલોમાં મૃતક સ્વજનનું વેર વાળવામાં ન આવે તો પૂર્વજોનો આત્મા દુ:ખી થાય છે. ક્રોધમાં આવીને સમસ્ત ગોત્ર પર શાપવાણી ઉચ્ચારે છે. જેથી કુટુંબીજનો તથા સમસ્ત ગૌત્રના લોકો પર એક પછી એક આફતો આવશે, એવી એમનામાં લોકમાન્યતા પ્રવર્તે છે.

ભીલો મૃતકનો બદલો લેવા માટે તથા તેમને પણ એજ પીડા, દુ:ખ, દર્દ આપવા માટે અધીરા બને છે. એ માટે સૌપ્રથમ દિવાળી કે હોળી ટાણે એકત્ર થયેલ વિજાતીય ગોત્રમાં આગળ પડતી વ્યકિતની શોધ આદરે છે. ભલેને પછી એ નિર્દોષ હોય અથવા તો એનો ખૂન સાથે કોઇ સંબંધ ન હોય. તેમ છતાં એને મોતના ભોગ બનવું પડે છે. તેમાં વળી જો સમાજની આગળ પડતી વ્યકિત મળે અને ધાર્મિક કે સામાજિક પ્રસંગે શત્રુને મારવામાં આવે તો બે ઘણું વેર વાળ્યું એમ તેઓ માને છે. ત્યારબાદ હૂરોની વિધિ કરવામાં આવે છે. હૂરોની વિધિ મુજબ શત્રુ મૃતકનું મસ્તક કાપી દેવામાં આવે છે. મૃતક સ્વજનની યાદમાં જયાં પથ્થરનો ઢગ કર્યો હોય તેને સમસ્ત ગોત્રના સમુદાયની હાજરીમાં શત્રુના લોહીથી રંગવામાં આવે છે. ઢગલા ઉપર વેરીનું-દુશ્મનનું માથુ મુકીને પૂર્વજોની સ્થાપના માટે લાવવામાં આવેલી મૂર્તિ પર તેનાં છાંટા નાખવામાં આવે છે. આ પ્રસંગે વેર વાળ્યું એમ માની સંતોષની લાગણી અનુભવી, કિકિયારીઓ સાથે નાચે-ગાન કરે છે. વેર વાળ્યા પછી જ એમના મનને શાંતિ મળે,પૂર્વજોનો આત્મા ઠરે, એવી લોકમાન્યતા એમનામાં પ્રબળ છે.

સાબરકાંઠાના ડુંગરી ભીલોમાં મરણ પ્રસંગે આવી વિશિષ્ટ પ્રકારની મરણોત્તર વિધિઓ કરવામાં આવે છે. તેમાં એક બાજુ ધાર્મિક શ્રદ્ધા તો બીજી બાજુ અંધશ્રદ્ધાનું દર્શન થાય છે. વેર લેવાની પ્રથા મૂળમાં તો આ અંધશ્રદ્ધાને વરેલી છે. કારણ કે, પૂર્વજો કયારેય દુ:ખી થતા નથી, આત્મા એક જીવમાંથી બીજા જીવમાં નિવાસ કરે છે. એ કયાંય ભટકતો નથી કે કોઇને નુકશાન કરતો નથી. આ માન્યતા જ સાવ ખોટી છે. તો વળી, વેર લેવા માટે જેનો ખૂન સાથે કોઇ સંબંધ ન હોય એવા ભોળા નિર્દોષ વ્યકિતને મોતને ઘાટ ઉતારવું એ વળી કેવી પ્રથા!, એ વળી કેવો રિવાજ ! જે પ્રથાને કારણે કોઇ નિર્દોષ વ્યકિતનું મૃત્યુ થાય! તેના સ્વજનો રઝળી પડે. જેના જીવન પર દુ:ખનો ભાર તૂટી પડે તે પ્રથા નથી પણ અંધશ્રદ્ધા છે. મરણોત્તર પ્રસંગે બેસણું રાખવું, બારમું કરવું વગેરે વિધિઓ તો સામાન્ય છે. પરંતુ મૃત વ્યકિતની પાછળ તેનું વેર લેવું તે વાત જ ગળે ઉતરે એમ નથી. એનાથી વેર શમે નહીં, ઉલટાતું વધતું જાય. જેનું પરિણામ આવનાર પેઢીએ ભોગવવું પડે એ પહેલાં આ પ્રથામાં પરિવર્તન આવે તે જરૂરી છે. હવે તો ભીલોમાં પણ આધુનિકતાની હવા પ્રસરવાને કારણે, સુધારાવાદી થવાને કારણે, શિક્ષણનો પ્રચાર વધવાને કારણે આ પ્રથાઓમાં અમુક અંશે પરિવર્તન આવ્યું હશે એમ માની શકાય.

ડૉ. ભગવાનદાસ પટેલે ડુંગરી ભીલોની કંઠસ્થ પરંપરાનો વહેલાસર સંગ્રહ કરીને આ ક્ષેત્રે ઘણું ઉત્તમ કાર્ય કર્યું છે. ભીલોમાં પ્રચલિત શ્રદ્ધા-અંધશ્રદ્ધાનું દર્શન કરાવતા વિધિ-વિધાનો, રીત-રિવાજોનો પરિચય કરાવ્યો છે. સાથે સાથે ડુંગરી ભીલ સમાજમાં પ્રવર્તી રહેલી અનૈતિક બાબતોને નાથવાના-ડામવાના પણ પ્રશસ્ય પ્રયત્નો કર્યા છે. તો વળી, આ સમાજમાં જાગૃતિ આવે,પરિવર્તન આવે અને આ પ્રજા પણ શિક્ષિત અને વિકાસશીલ બને એ માટે પણ શકય તેવા વિશિષ્ટ પ્રયત્નો કર્યા છે. એ દ્રષ્ટિએ ભગવાનદાસ પટેલ સાચા અર્થમાં ભીલોના ‘ભગવાન’ બની રહયા છે. મરણ જેવા સનાતન સત્યની સભાનતા જ પેઢી દર પેઢી વેરનું બીજારોપણ કરતી જાય છે આ ભોળા માનસમાં ! એમને તો ક્યાંથી ખબર હોય કે –

“ શમે ના વેર વેરથી , ટળે ના પાપ પાપથી,
ઔષધ સર્વ દુખનું , મૈત્રી ભાવ સનાતન.”

સંદર્ભ સૂચિ :

(1) ‘ભીલ ભજનવારતા: લાલુ અરિદા’, સં. ભગવાનદાસ પટેલ, પ્રકાશક: નમન સૂર્યાનંદ લોક પ્રતિષ્ઠાન,મુંબઈ,આવૃતિ-૨૦૦૩

(2) ‘ભીલ ભજનવારતા: જગદે પરમાર’, સં. ભગવાનદાસ પટેલ, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,આવૃતિ-૨૦૦૫